**પોલીસ સલાહકાર સમિતિની રચના
બંધારણ નકકી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:- ૩-૮-૧૯૯૦

વંચાણે લીધા:-

(૧) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૩૦-૬-૮૧

(૨) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૯-૬-૮૨

(૩) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૯-૬-૮૨

(૪) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૧૧-૫-૮૭

(૫) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:મહક-૧૦૮૭-૫૬૦૫-મ,
તા.૧૧-૧૨-૮૭

(૬) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૩-૨૧૮૮-મ, તા.૪-૬-૮૪

(૭) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૩-૨૧૮૮-મ, તા.૨૪-૮-૮૪

(૮) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:વસપ-૦૯૮૭-૭૩૯૩(૬૦)-મ,
તા.૧૭-૧૦-૮૭

(૯) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૨-૫-૮૮

(૧૦) સરકારી ઠરાવ ગૃહ વિભાગ ક્રમાંક:પીએસી-૧૦૮૧-એમએચ-૪૦-મ,
તા.૧૪-૬-૮૮

ઠરાવ:-

રાજયમાં પોલીસ સલાહકાર સમિતિની રચના માટે બંધારણ નકકી

....

કરતાં અગાઉ ઉપર આમુખમાં ક્રમાંક:૧ થી ૧૦ માં દર્શાવેલ તમામ હુકમો આથી રદ કરવામાઆવે છે. અને અમદાવાદ શહેર પોલીસ સલાહકાર સમિતિ,અમદાવાદ સિવાયના શહેરી વિસ્તાર માટેની પોલીસ સલાહકાર સમિતિ અને જીલ્લા પોલીસ સલાહકાર સમિતિની રચના અંગેનું બંધારણ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) અમદાવાદ શહેર માટેની પોલીસ સલાહકાર સમિતિ:-

| | |
|---|---|
| (૧) પોલીસ કમિશ્નર | પ્રમુખ |
| (૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર અમદાવાદ | ઉપ પ્રમુખ |
| (૩) મેનેજર, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| (૪) કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| (૫) સરકાર નિમુકત કરે તેવા અમદાવાદ શહેરના થી બાર બિન સરકારી સભ્યો કે જેમાં પાંચ (૧૬) અગ્રગણ્ય નાગરીકો ઉપરાંત બે મહીલા સામાજીક કાર્યકર, એક અનુસુચિત જાતના કાર્યકર, એક લઘુમતી કોમના કાર્યકર, એક ટેડ યુનિયનના કાર્યકર,એક પત્રકાર તથા એક ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય. | સભ્ય |
| (૧૭) નાયબ પોલીસ કમિશ્નર (વહીવટ) અમદાવાદ શહેર, અમદાવાદ. | સચિવ |

૨. અમદાવાદ સિવાયના પોલીસ કમિશ્નરેટ શહેરી વિસ્તાર માટે પોલીસ સલાહકાર સમિતિ:-

| | |
|---|---|
| (૧) પોલીસ કમિશ્નર | પ્રમુખ |
| (૨) જીલ્લા ગૃહ રક્ષક દળના કમાન્ડન્ટ અથવા તેના પ્રતિનિધિ. | સભ્ય |

(૩) મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્વાયી સમિતિના ચેરમેન — સભ્ય

(૪) વિભાગીય નિયામક, ગુજરાત રાજ્ય, વાહન વ્યવહાર નિગમ — સભ્ય

(૫) થી (૧૬) સરકાર નિયુક્ત કરે તેવા બાર બિન સરકારી સભ્યો કે જેમાં પાંચ અગ્રગણ્ય નાગરીકો બે મહીલા સામાજીક કાર્યકરો, એક અનુસુચિત જાતિના કાર્યકર, એક લઘુમતી કોમના કાર્યકર, એક ટ્રેડ યુનિયનના કાર્યકર, એક પત્રકાર અને એક ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય — સભ્ય

(૧૭) નાયબ પોલીસ કમિશ્નર — સચિવ

૩. **જીલ્લા પોલીસ સલાહકાર સમિતિ:-**

(૧) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ — પ્રમુખ

(૨) જીલ્લા પોલીસ અધિકારી — ઉપપ્રમુખ

(૩) જીલ્લા ગ્રામ રક્ષક દળના મહાલા અધિકારી જો જીલ્લામાં રહેતા હોય તો નહિતર જીલ્લામાં ગ્રામ રક્ષક દળની પ્રવૃત્તિ કરતા સરકાર નામે તેવા મહીલા સભ્ય — સભ્ય

(૪) ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર કોર્પોરેશનના વિભાગીય નિયામક — સભ્ય

(૫) થી (૧૨) પત્રકારત્વ, વાહન વ્યવહાર, સુધરાઈ, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળની પ્રવૃત્તિમાં રસ ધરાવતી પાંચ બિન સરકારી વ્યકિતઓ, બે મહીલા ...ક સામાજીક કાર્યકરો તથા ગ્રાહક સુરક્ષા સમિતિના એક સભ્ય. — સભ્ય

(૧૩) નાયબ પોલીસ અધિકારી (મુખ્ય મથક) — સચિવ

૨. આ સમિતિ ગુન્હા, ટાંકાક અસ્પૃશ્યતાના ગુન્હા અને જાહેર જનતાનો સહકાર વગેરે પોલીસને ઉપયોગી થઈ પડે તેવા મુદ્દાઓ પરત્વે તેમજ કાયદો અને

..૪..

વ્યવસ્થાની પરિસ્થિતિની ચર્ચા કરશે અને એ અંગે પોલીસ ખાતાને સલાહ આપશે. આ સમિતિની બેઠક ઓછામાં ઓછી ત્રણ માસમાં એક વખત મળશે જ અને જરૂર જણાયે વધુ વખત પણ મળી શકશે. જો સમિતિની મુદત પુરી થઈ ગયેલ હોય તો ફક્ત સરકારી સભ્યોની બેઠક પણ ત્રણ માસે એક વાર અચુક બોલાવવી. મીટીંગમાં વિસ્તૃત ચર્ચા થઈ શકે તે માટેનો એજન્ડા વિગત પુર્ણ અને જુદા જુદા પયાળા હેઠળના ગુન્હાઓની વિગત દર્શાવતો રાખવો અને બેઠકની કાર્યનોંધ સરકારની જાણ સારુ અચુક મોકલવી.

૩. બિન સરકારી સભ્ય તેમનો હોદ્દો બે વર્ષ સુધી અથવા નવી સમિતિની રચના થાય ત્યાં સુધી બેમાંથી જે વહેલુ હશે ત્યાં સુધી ધારણ કરશે.

૪. બિન સરકારી સભ્યો મુંબઈ મુલ્કી સેવા નિયમો વોલ્યુમ-૨ એપેન્ડીક્ષ ૪૨-એ હેઠળ મળવાપાત્ર વતુર્દૈનિક ભથ્થુ અને મુસાફરી ભથ્થુ મેળવી શકશે. આ ભથ્થા બિલો પર પોલીસ કમિશનરશ્રી/સંબંધિત જીલ્લા પોલીસ અધિકારીશ્રી નિયંત્રણ અધિકારી તરીકે પ્રતિ-સહી કરશે.

૫. આ સમિતિના બિન સરકારી સભ્યોના નામની દરખાસ્ત કરતી વખતે પોલીસ કમિશનરશ્રી/સંબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ એ ખ્યાલ અવશ્ય રાખવાનો રહેશે કે ભલામણ થયેલ વ્યક્તિ સમાજના નબળા વર્ગો અને લઘુમતિ કોમને પોતાના હોદ્દાનો દુરપયોગ કરીને હેરાન ન કરે કે શોષણ ન કરે તેવી હોવી જોઈએ. સભ્યોને બોમ્બે પ્રોહીબીશન એકટ ૧૯૪૯ અને પ્રોટેકશન ઓફ સીવીલ રાઈટસ એકટ, ૧૯૫૫ ના અમલમાં વિશ્વાસ હોવો જોઈએ.

૬. પોલીસ કમિશનરશ્રી, તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ ઉપર્યુક્ત ધોરણ મુજબ દરખાસ્ત કરવી.

૭. આ અંગેનો ખર્ચ બજેટ હેડ '' ૨૦૫૫-પોલીસ-'' પોલીસ પ્રોપર'' હેઠળ

..૫..

પોલીસ કમિશનરશ્રી/જીલ્લા પોલીસ અધિકારીશ્રીના મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
જે.જો.સપદીપ
નાયબ સચિવ,
ગૃહ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત,અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
સર્વે પોલીસ કમિશનરશ્રી,
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રી,
મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી,
રાજ્ય કક્ષા મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી,
સર્વે જીલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ,
નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન, અમદાવાદ
નિયામકશ્રી, સમાજકલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
શાખા સીલેકટ ફાઈલ.
મદદનીશ સીલેકટ ફાઈલ.

....

બામોર:૧૦૪૯૫